# આયુ-જયોતિષથી આવનારા રોગોની જાણકારી અને નિવારણ થઈ શકે

## દુનિયા અંધારામાં હતી ત્યારે મહર્ષિ ચરકે મહારોગો, સર્જરીના યંત્રો સહીતની બાબતો ચરક સંહીતામાં વર્ણવી હતી : આયુર્વેદ અને જયોતિષના સમન્વય અંગે રસપ્રદ પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

આયુર્વેદિક શરીરના રોગો દૂર કરે અને જયોતિષથી મનના વિકારોનું આવરણ હટાવી શકાય છે. જયોતિષ અને વિજ્ઞાનના સમન્વય સાથે થનારા રોગ અંગે પણ અભ્યાસ ચાલી રહ્યો છે. જેના આધારે વ્યકિતને કોઈ પણ પ્રકારના રોગ થાય તે પહેલા તેનાથી માહીતગાર થઈ અટકાવવા પગલા લઈ શકાય તે દીશામાં પણ અભ્યાસ ચાલી રહ્યો છે. ૩ હજાર વર્ષ પૂર્વે દુનિયા અંધારામાં હતી ત્યારે મહર્ષિ ચરકે ચરક સંહીતા ગ્રંથમાં ૩૦ મહારોગોનું વર્ણન કર્યું હતું. જયારે મહર્ષિ સુશ્રુતે શરીરની રચના, અંગો ઉપરાંત સર્જરીના યંત્રો પણ વર્ણવ્યા હતા. મહર્ષિ હારિત પણ દુનિયાના પ્રથમ આયુર્વેદ જયોતિષ હતા કયા રોગ માટે શું દાન કરવું અને અમુક નક્ષત્રમાં મંત્રોચ્ચાર સાથે ઔષધિઓનું સેવન કરવાની વાતનો પણ ઉલ્લેખ ભારતીય સંસ્કૃતિમાં છે. આયજયોતિષમ વિષય અંગે આજે યોજાયેલા પરિસંવાદમાં તજજ્ઞોએ જયોતિષ આયુર્વેદ અને યોગના સમન્વય સાથે જોડાયેલી શારિરીક સુખાકારી અને ઉપાયો અંગે રસપ્રદ માહિતી આપી હતી.

સ્વ પ્રતિક્ષા ગૌરાંગ ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત નિસર્ગ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ રિસર્ચ તેમજ લકુલીશ યોગ યુનિવર્સિટી




અમદાવાદના સંયુકત ઉપક્રમે આજે સે-૧૭ સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં આયુજયોતિષમ (મેડીકલ એસ્ટ્રોલોજી) વિષય અંગે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે મહર્ષિ કોલેજ ઓફ વૈદિક એસ્ટ્રોલોજી (રાજસ્થાન)ના ડીટેકટર વિકાસ ચૌહાણે જણાવ્યું હતું કે લોકોને જયોતિષમાં અંધ વિશ્વાસ છે પરંતુ આ વિજ્ઞાન છે વિશ્વના બુધ્ધિજીવીઓનું માનવું છે કે ભારતીય વૈદિક પરંપરા પ્રાચીન છે, જયોતિષ કોઈ અજુબા નહી કલા છે. એસ્ટ્રોલોજી અને સાયન્સ સાથે રાખી સંભવિત રોગોના મામલે પણ જાણકારી અને ઉપાય પ્રાપ્ત થાય છે. નિસર્ગ આયુર્વેદ હોસ્પિટલના એમ.ડી. ડૉ. રાજેશ એમ. ઠકકરે જણાવ્યું હતું કે ૧૯૬૦ ના વર્ષમાં જેટલી દવા હતી તેમાંથી ૫૮ ટકા અદશ્ય થઈ ગઈ છે. સુદર્શન ઘનવટી ૫ હજાર વર્ષ પૂર્વ પણ મેલેરીયા મટાડવામાં ઉપયોગી હતી હતી અને આજે પણ થાય છે. હજારો વર્ષ પૂર્વે ચરક સંહીતા ગ્રથમાં વિવિધ ૧૨૫ પ્રકારના તાવ, ૩૦ મહારોગો સહીત શરીરની રચના અંગો અને સર્જરી ઉપરાંત મેડીકલ શિક્ષણ, કોલેજ, કોન્ફરન્સ અને કાઉન્સીલીંગ સહીતની બાબતોને બખૂબી દર્શાવવામાં આવી છે. હાલના એમ.ડી. અને એમ.એમ.ની જેમ આયુર્વેદની વિવિધ ૮ શાખાઓ પણ વર્ણવામાં આવી છે. ઓર્થોપેડીક ઈમ્પ્લાન્ટ સઘળી ભારતની જ શોધ છે. મહર્ષિ હારિતે હારિત સંહીતામાં વિવિધ રોગો આ માટે જરુરી દાન, ઔષધિઓ અને મંત્રોનો પણ ઉલ્લેખ કર્યો છે. ડૉ. ગૌરાંગ ત્રિવેદીએ આ અંગે જણાવ્યું હતું કે કોઈ પણ દેશ અને મનુષ્યમાં જયોતિષનું અસ્તિત્વ છે. કેટલાકે તેને સેટલશાસ્ત્ર બનાવી દીધું છે. સ્વાસ્થ્ય અને સંચારની પીડા અંગે જયોતિષ એડવાન્સ નોલેજ આપે છે.

તેમણે આયુજયોતિષમ પુસ્તક તૈયાર કરી રહ્યા હોવાની વાતનો ઉલ્લેખ કરી આરોગ્ય જીવનશૈલી પર આધારિત હોવાનું પણ જણાવ્યું હતું. કયા ગુણોની અસરથી કેવો રોગ થાય તે અંગે પણ જાણકારી આપી હતી. લકુલીશ યોગ યુનિવર્સીટીના વિશ્વ રાવલે પણ યોગ અને ધ્યાન અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પરિસંવાદમાં આયુર્વેદ તજજ્ઞ વત્સલભાઈ વસાણી, નીતિન ત્રિવેદીએ પણ હાજરી આપી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.



સરકાર દ્વારા હાલ પોલીયો નાબુદી અભિયાન ઝુંબેશ હેઠળ પોલીયો રવિવારે ઉજવવામાં આવી રહેલ છે. ત્યારે આજે પોલીયો રવિવાર નિમિત્તે મોડાસા ખાતે આવેલી લાયન્સ, બહેરામુંગા શાળામાં અરવલ્લી જિલ્લા કલેક્ટર ડી.જે. ભટ્ટ તેમજ મેડીકલ ઓફિસર નાયક સાથે મળીને પોલીયોના બે ટીપા બાળકોને પીવડાવી પોલીયો રવિવારની ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : સમીર બલોચ, મોડાસા)

# દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં નવા પીએસઆઈની ટ્રાન્સફરથી અસામાજિક તત્ત્વોમાં ડરનો માહોલ

દાંતીવાડા, તા. ૧૮

દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં નવા પીએસઆઈની ટ્રાન્સફરથી અસામાજિક તત્વોમાં ડરનો માહોલ!!

દાંતીવાડા પોલીસ સ્ટેશનનું નિર્માણ સાત મહિના અગાઉ થયું, જેમાં પીએસઆઈ તરીકેની ફરજમાં આજ દિન સુધી ત્રણ પીએસઆઈ ટ્રાન્સફર થઈ ચુકયા અને હાલમાં ચોથા ક્રમના પીએસઆઈ ફરજ બજાવી રહ્યા છે, નવા પીએસઆઈ ફરજ પર હાજર થયા ત્યારથી લોકોમાં ખુસી જોવા મળી રહી છે ,અને ગેર -વૃંતીઓ કરનાર લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

-ાપ્ત વિગતો અનુસાર દાંતીવાડા તાલુકમાં -થમ પોલીસ સ્ટેસન પાંથાવાડા સ્થિત આવેલું હતું પરંતુ દિનબદિન તાલુકામાં ગુનાખોરી વધતી હોઈ તાલુકાની આમ -જાની સુરક્ષા જળવાઈ રહે અને ગુનાહિત -વૃંતીઓને અંકુશમાં લાવી સકાય જે હેતુ થી દાંતીવાડા તાલુકામાં તારીખ ૧૬/૬/૨૦૧૪ ના રોજ બીજા પોલીસ સ્ટેશનનું નિર્માણ થવા પામ્યું છે, જેમાં પાંથાવાડા પોલીસ સ્ટેશનના ૩૫, પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના ૬, અમીરગઢ પોલીસ સ્ટેશનના ૪ અને ગઢ પોલીસ સ્ટેશનના ૪ જે કુલ મળી ૪૯ ગામોની સુરક્ષા પર હાલમાં ૩૪?? સંખ્યામાં પોલીસ સ્ટાફ ફરજ બજાવી રહ્યો છે, અગાઉના દિવસોમાં કેટલાક પોલીસ કર્મીઓ પોતાની ફરજને ભૂલીને ઘેર માર્ગે જોવા મળ્યા છે તો અમુક કર્મીઓ ફરિયાદીઓને પોતાના મોટા અવાજોમાં જ્ઞનાન આપતા નજરે પડ્યા છે, પોલીસની આવી કામગીરીએ લોકોને પોલીસ પરથી વિશ્વાસ ઉઠી જતો હોય છે, અને સત્વરે આવાજ પોલીસ કર્મીઓ પુરા સ્ટાફને કલંકિત કરતા હોય છે, આમતો પોલીસ સ્ટેશનના જવાબદાર ગણાતા પીએસઆઈ દ્વારાજ સ્ટાફના અમુક કર્મીઓને છુટ છાટ અપાતી હોય છે, જે વાત હાલમાં પુરવાર થઈ રહી છે, કારણકે નવા આવેલ પીએસઆઈની હાલની કામગીરીથી સ્ટાફ સિસ્તમાં અને અસામાજિક -વૃંતીઓ અદ્રશ્ય થઈ હોય તેવું જણાઈ રહ્યું છે, અને લોકોમાં ચર્ચા સંભળાઈ રહી છે કે આવા અધિકારીઓનીજ જરૂર છે, હાલની આ લોક લાગણી કેટલો સમય રહેશે એતો પી એસ આઈ ની કામગીરીજ નક્કી કરશે અને એ હવે આવનાર દિવસોમાં જોવું રહ્યું !

# પ્રાંતિજમાં પુત્રના લાંબા આયુષ્ય માટે ચોકલેટ ખવડાવાની અંધશ્રધ્ધા ફેલાઈ

પ્રાંતિજ તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાઓમાં હાલ અંધશ્રધ્ધાના કારણે એકવાર તો જરૂરી કહેવાનું મન થાય છે. કે માં એ માં પછી એ મનુષ્ય અવતારમાં હોય કે પશુઅવતારમાં પણ માંનો પ્રેમ એ અમૂલ્ય હોય છે એ અત્યારે યંત્ર યુગમાં પણ જોઈ શકાય છે.

મળતી માહિતી મુજબ હાલ વૈજ્ઞાનિક યુગમાં પણ અંધશ્રધ્ધા પીછો છોડાવવો મુશ્કેલ હોય તેવું પ્રાંતિજ તથા તાલુકામાં હાલ સ્પષ્ટ પણે જણાઈ આવે છે અહી એક એવી વાત વહેતી થઈ છે કે જે કોઈ સ્ત્રી કે મહિલાને જો એક પુત્ર હોય તો તે મહિલાએ તેના પુત્રના લાંબા આયુષ્ય માટે અન્ય દશ મહિલાઓને ચોકલેટ વહેંચવી અને વહેંચવામાં આવેલ ચોકલેટ પણ પોતે માતા હોય તે મહિલાઓ એજ ખાવી અને બાળકોને આપવાની નહી અને આજ રીતે કોઈ એક પુત્રની માતાઓ દ્વારા આજકાલ એક બીજાને ચોકલેટો ખવડાવવાની પ્રથા ચાલુ થતાં પ્રાંતિજ તથા તાલુકામાં દરેક એક પુત્રની માતાઓ દ્વારા એકના એક પુત્રના આયુષ્ય માટે અન્ય માતાઓને તથા સંયમ પણ ચોકલેટ ખાઈ એકબીજાને ટેક આપે છે જયારે હાલ વૈજ્ઞાનિક યુગમાં પણ અંધશ્રધ્ધા પાછળ અભણ મહિલાઓ સહિત ભણેલી ગણેલી મહિલાઓ પણ આ અંધશ્રધ્ધાના વાવાઝોડાંમાં આવી જાય છે અને કેટલીક મહિલાઓ તો શિક્ષિકાઓ ભણેલી હોવા છતાં પોતાના પુત્રની જીવનરેખા માટે આ પ્રકારના અંધશ્રધ્ધાના ટુચકાઓમાં તેવો પણ અન્ય મહિલાઓની જેમ આ વાવાઝોડાંમાં આવી જાય છે. અને યંત્રયુગમાં પણ હજુ અંધશ્રધ્ધા પોતાની પકડ બનાવીને બેઠી હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને પ્રાંતિજ તથા તાલુકા પોંગલું, વદરાડ, ઉછાં, બાલીસણા વગેરે ગામોમાં મહિલાઓ એટલે કે એકના એક પુત્રની માતાઓ દ્વારા પોતે ચોકલેટ ખાવાની અને વહેંચવાની પ્રથા ચાલુ છે જેથી કઈ શકાય કે માં એ માં...

## તલોદમાં જૈન સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

બેતાલીસ દશા હુમ્મડ દિગંબર જૈન ઓખલા, પંચ આયોજીત તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલમાં દિગંબર જૈન સમાજના સમુહલગ્ન તા. ૨૫મી જાન્યુઆરીના રોજ યોજાશે. આ સમુહલગ્નમાં ૯ યુગલ યુવતી લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભુતામાં પગલા માંડશે. આવી જ રીતે આજ સમાજનો બીજો સમુહલગ્નોત્સવ હિંમતનગર-ચલોડા માર્ગ પર આવેલ ચૈતન્યધામમાં યોજાશે. જેમાં ૧૧ નવદંપતિ લગ્ન ગ્રંથિથી જોડાઈ પ્રભુતામાં પગલા માંડશે. બંને દિગંબર જૈન સમાજના સમુહલગ્નમાં જૈન સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહી નવદંપતિને આર્શીવચન આપશે. આ સમગ્ર સમુહ લગ્નનું આયોજન બીપીનભાઈ શાહ અને મહેન્દ્રભાઈ શાહ, અનિલભાઈ ગાંધી અને વી.ટી. ગાંધી કરી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૬૨૦




### આડી ચાવી

૧. ગડીબંધ, વાપર્યા વગરનું(૪)
૬. કુવાવાળુ ખેતર (૨)
૭. દબદબો, વૈભવ (૫)
૯. મિલાપ, એક ફિલ્મ (૩)
૧૦. અનેરા, અજાયબ (૨)
૧૧. ધીરજ, સહનશક્તિ (૩)
૧૩. મહિનો (૨)
૧૪. કહાની (૩)
૧૫. હાલરડા, ઊંઘ, ... કરવા(૨)
૧૬. પરિચય (૪)
૧૭. હેરત, આશ્ચર્ય (૩૦
૨૦. આહ્‌વાન (૪)

### ઊભી ચાવી

૧. બિનવપરાશી (૪)
૨. રીંગ, શ્રૃંખલા (૨)
૩. ફજેતી, નિંદા (૪)
૪. સ્નાનકુંડ (૨)
૮. શક્કરવાર (૪)
૯. ભગવો વેશ ધારણ કરવો (૩)
૧૧. તુલના કરવી, ... કરવી(૫)
૧૨. બટણ (૩૦
૧૩. ઘમસાણ (૪)
૧૪. કેશ, મોવાળો (૨)
૧૫. બોલાવવા પાડેલ મોટી બુમ (૩)
૧૮. 'કાલ' શબ્દ ઊંધો (૨)
૧૯. કાકાને હિન્દીમાં... કહેવાય (૨)

### શબ્દાવલી ૫૬૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંગરક્ષક (૪) મત (૬) બરી (૭) અલ્લડ (૮) રમા (૯) યાહોમ (૧૧) વાંચનાલય (૧૩) ગીધ (૧૫) નાર (૧૬) તીખા (૧૭) રજાઇ (૧૯) તમામ (૨૧) લાડુ (૨૩) રખાત (૨૫) જલધી (૨૬) નુર
**ઊભી ચાવી :-** (૧) અંબર (૨) ગરીમા (૩) ક્ષમાયાચના (૪) મલ્લ (૫) તડકો (૭) અમલ (૧૦) હોનારત (૧૨) યતીમખાનુ (૧૩) ગીરનાર (૧૪) ધજા (૧) ઇલાજ (૨૦) માર (૨૨) ડુલ (૨૪) તર




ખેડબ્રહ્મા તાલુકામાં પોલીયોની રસી પિવડાવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તાલુકામાં ૧૯૩ બુથ પર કુલ ૮૦૦ કર્મચારીઓ દ્વારા ખડે પગે સેવા આપવામાં આવી હતી. તાલુકા મથક પર ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલના હસ્તે બાળકોને બે ટીપા પોલિયોના પીવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં એચ.એસ. ગઢવી, ઔદિચ્યભાઈ, જીતુભાઈ સુથાર, રાજેન્દ્રસિંહ વાઘેલા હાજર રહ્યા હતાં. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ)

## નગરની સરકારી શાળાઓને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફર્નિચર સાધનો ઉપરાંત અધિકારો સરકાર હસ્તક રહેશે જ્યારે આ શાળાઓનું સંચાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કરશે. આ માટે સરકાર માત્ર સામાન્ય 'નિભાવ' ગ્રાન્ટ જ આપશે. વિદ્યાર્થીઓને વિનામુલ્યે અને પરિણામલક્ષી શિક્ષણ પુરૂ પાડવા ઉપરાંત આ શાળાઓને અનુલક્ષી સંસ્થા દ્વારા વોકેશન ટ્રેનિંગ સેન્ટર પણ શરૂ કરવામાં આવશે. જેના આધારે રેગ્યુલર શિક્ષણમાં આગળ વધવામાં રૂચિ ન હોય તેવા વિદ્યાર્થીઓને શિક્ષણ પુરૂ પાડવાની સાથે તેમને પગભર કરવાની સ્કીલ પણ વિકસાવાશે. વિદ્યાર્થીઓને રસ હોય તે મુજબ પ્રાયમરી ટ્રેનિંગ અપાશે. સરકારી શાળાઓના સંચાલનને ધ્યાને લઈ સંખ્યા દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો કરવા ઉપરાંત પરિણામ સુધારણાનો મુખ્ય ધ્યેય ધ્યાને રાખવામાં આવ્યો છે. સરકાર અને ટ્રસ્ટ સાથે મળી કામ કરશે. વિદ્યાર્થીઓને વિનામુલ્યે શિક્ષણ અપાશે. જ્યારે કર્મચારીઓના હીત સરકારની મિલ્કતનું રક્ષણ થશે. જેમાં સરકારને પણ કોઈ નુકશાન નથી શિક્ષણ જગતને મદદરૂપ થઈ શકતા હોય તેવા લોકોએ જરૂરિયાત મુજબ શિક્ષણના આ નવતર અભિગમમાં સહકાર આપવો જોઈએ તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

## હજુ ભરાતી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતો રજુ કરલા અને શિક્ષણને વધુ ગુણવત્તાયુકત બનાવવા માટે અમુલ્ય સુચનો કરવા માટે સૂચવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક અધિકારીઓએ પ્રાથમિક શાળાઓમાં સુપર વિઝનના અભાવ અંગે ચર્ચા કરતાં શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવે જણાવ્યું હતું કે તાલુકા પ્રાયમરી એજ્યુકશન ઓફિસરની જગ્યાઓ કે જે ભરતી નિયમો આખરી નહી થવાને કારણે બધી જ ખાલી છે. આ જગ્યાઓ ભરી શકાય તો પ્રાથમિક શિક્ષણમાં અર્થપૂર્ણ સુપરવિઝન થઈ શકે.

આ અંગે રાજય સરકારે સામાન્ય વહીવટ વિભાગ સાથે શિક્ષણ વિભાગને સત્વરે બેઠક ગોઠવીને ભરતી નિયમો આખરી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં અધિકારીઓ શાળાઓમાં માળખાગત સવલતો પ્રાથમિક શિક્ષણમાં ગામના લોકોને ઉત્સાહ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વિગેરે વિષયો પર પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં.

## કાર્યયોજના ઘડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નર્મદાના પાણી પાઈપ લાઈનથી પહોંચાડવાની યોજનાને વધુ લોકભોગ્ય બનાવવા માટે પણ તંત્ર આમાંથી વિચારણા કરી રહેલ છે.

તંત્ર દ્વારા જિલ્લાનીઆખી વોટર પ્રોફાઈલ માર્ચ ૨૦૧૫ સુધી આખરી કરી અને જળસંચયની કાર્યયોજના સાથે એક વિસ્તૃત અહેવાલ કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ રજુ કરવામાં આવશે.

તાજેતરમાં ગાંધીનગર ખાતે કેન્દ્ર સરકારના નિર્દેશ પછી 'હમારા જલ હમારા જીવન' વિષય અંતર્ગત એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેન્ટ્રલવોટર બોર્ડ, વાસ્મો, પાણી પુરવઠા, સિંચાઈ વિભાગ સહિતના અધિકારીઓ અને પંચાયતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ સેમિનારમાં જ દહેગામ તાલુકાના દેવકરણના મુવાડાને જળગ્રામ તરીકે જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ગામે જળગ્રામ યોજના અંતર્ગત વિવિધ યોજનાઓને સંકલિત કરી અને પેયજળ સહિતના જળ વિષયક પ્રશ્નો પર કામ કરવામાં આવશે.

આ સેમિનારમાં પાણીવેરાની વસુલાત માટે પણ પંચાયતો વધુ સક્રિય બને તે વિશે વધુ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત જળ સંચય માટે સૂચનો માંગવામાં આવતાં ૨૫ જેટલા સૂચનો મળ્યા હતા જેની તંત્ર દ્વારા ચકાસણી થઈ રહી છે અને ટૂંકમાં જ તે બાબતની કાર્યયોજના ઉપરાંત જિલ્લાની વોટર પ્રોફાઈલ નવેસરથી તૈયાર કરાશે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે જયાં કોર્પોરેટ જગતની મીટ મંડાયેલી હોય છે. એવું બીજું ડિપાર્ટમેન્ટ રેવન્યુ અને ફોરેસ્ટ છે કે જયાં એપ્રુવલ માટે લાઈનો લાગતી હોય છે. આવી તમામ જગ્યાએ કોર્પોરેટને ઝડપથી મદદ કરી શકે તેવા સનદી ઓફિસરોની નિયુક્તિ થઈ શકે છે...

**પ્રમોટી આઇએએસને નવા પોસ્ટીંગ ...**

ભારત સરકારે ગુજરાતના ૨૨ ઓફિસરોને આઈએએસ કેડરમાં પ્રમોશન આપ્યા છે એટલે કે આ ઓફિસરોને હવે નવી જવાબદારીઓ સંભાળવી પડશે. આ ઓફિસરોને નવા પોસ્ટીંગ આપવાની વિચારણા ચાલી રહી છે. છેલ્લા ૧૨ વર્ષથી ગુજરાતી ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીંગ આપવાની પ્રણાલિકા સ્થપાઈ છે જેના કારણે આજે મોટાભાગના જિલ્લાઓમાં કલેક્ટર તેમજ ડીડીઓમાં ગુજરાતી ઓફિસરોનો દબદબો સ્થપાઈ રહ્યો છે. આ ઓફિસરોની યાદીમાં હવે આ નવા ૨૨ ઓફિસરો પણ પ્રાઈમ પોસ્ટીંગની લાઈનમાં આવી ચૂક્યા છે...

**લ્યો, નવા કરવેરાઓ માટે તૈયાર રહો ...**

ગુજરાત સરકારના ૨૦૧૫-૧૬ના સામાન્ય અંદાજપત્રમાં નવા કરવેરા તેમજ હયાત વેરામાં વધારા માટે રાજયની પ્રજાએ તૈયાર રહેવું પડશે. બજેટમાં નવી યોજનાઓ ઓછી પણ કરવેરાનું પ્રમાણ વધારે હશે તેવું લાગી રહ્યું છે. ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર મહેસૂલી વેરાઓમાં વધારો કરી શકે છે. સ્ટેમ્પડ્યુટી, મોટરવાહન વેરો, જમીન મહેસૂલ, સામાન અને ઉતારૂ વેરો, સ્થાયી સંપત્તિ પરનો વેરો, મનોરંજન ટેક્સ, રાજય આબકારી સહિતના વેરાઓમાં ફેરફારો શક્ય છે. જો કે સુધારેલા અંદાજ પ્રમાણે સરકારની પોતાની કર આવકનો અંક ૬૨૦૦૦ કરોડ અને બિનકરની આવકનો અંક ૮૦૦૦ કરોડ ઉપર પહોંચી ચૂક્યો છે જે ૨૦૦૪-૦૫માં અનુક્રમે માત્ર ૧૩૦૦૦ કરોડ અને ૩૦૦૦ કરોડ હતો...

**વાર્ષિક યોજના ૮૦ હજાર કરોડ ઉપર જશે ...**

ગુજરાત સરકારની વાર્ષિક યોજનાના કદમાં ૨૦ ટકા જેટલો વધારો થવાની સંભાવના છે. રાજય સરકારે ૨૦૧૪-૦૫નાં સામાન્ય બજેટમાં વાર્ષિક યોજનામાં ૭૧૩૩૦.૪૪ કરોડની જોગવાઈ કરી હતી જે પૈકી સૌથી વધુ ૩૪૭૮૨ કરોડનો હિસ્સો માત્ર સામાજીક સેવાઓ માટે ફાળવ્યો હતો, બીજાક્રમે ૧૩૦૩૫ કરોડ સાથે સિંચાઈ અને પૂર નિયંત્રણ મોખરે હતું. નવી વાર્ષિક યોજનામાં સામાજીક સેવાઓ માટેની રકમ વધી શકે છે. એ ઉપરાંત ઉદ્યોગ અને ખનીજ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, કૃષિ તેમજ ગ્રામિણ વિકાસ માટે વધારે ભાર મૂકવામાં આવશે. નવા વર્ષની વાર્ષિક યોજનાનું કદ ૮૨-૮૫ હજાર કરોડ હોવાનું ફાયનાન્સના સૂત્રો જણાવે છે...

**એસીએસના પ્રમોશનમાં કોણ હશે ...**

ગુજરાતના સામાન્ય વહીવટી વિભાગમાં ડિપાર્ટમેન્ટ પ્રમોશન કમિટી-ડીપીસીની સિઝન ખૂલી છે. ૧૯૮૫ બેચના આઈએએસ ઓફિસરોના એડિશનલ ચીફ સેક્રેટરીના પ્રમોશન ડ્યુ છે. ચીફ સેક્રેટરી પૂર્વેના આ પ્રમોશનમાં આઠ ઓફિસરો લાઈનમાં છે જે પૈકી બે ઓફિસરો દિલ્હી પોસ્ટીંગમાં છે. અનિલ મુકીમ, અતનુ ચક્રવર્તી, એ.એમ.તિવારી, ડી.એન. પાંડે, પી.કે. પરમાર અને ગિરીશચંન્દ્ર મુર્મુ પૈકી ચાર ઓફિસરોને એસીએસના પ્રમોશન મળી શકે તેમ છે, કારણ કે ગુજરાતમાં એસીએસ રેન્કની માત્ર ચાર જગ્યાઓ ખાલી પડી છે...

**પ્રિન્સિપલ સેક્રેટરીના પ્રમોશનમાં કોણ ...**

એસીએસની જેમ રાજય સરકારમાં પ્રિન્સિપલ સેક્રેટરીના પ્રમોશન ડ્યુ છે. ૧૯૯૦ની બેચના ઓફિસરો આ પ્રમોશન માટે વેઈટીંગમાં છે, જેમાં મનોજકુમાર દાસ, મનોજ અગ્રવાલ, કમલ દાયાની, સી. વી. સોમ અને અરૂણ સોલંકીનો સમાવેશ થાય છે. આ સાથે સેક્રેટરીના પ્રમોશનમાં ૧૯૯૯ની બેચના ઓફિસરોમાં અજય ભાદુ અને હરિત શુક્લાનો સમાવેશ થાય છે. સરકાર આ પ્રમોશન માટેની ડીપીસી ક્યારે બોલાવે છે તેની ઉપર વહીવટી તંત્રની નજર છે...

**વાયબ્રન્ટમાં પાંડિયને વટ પાડ્યો ...**

સાતમી વાયબ્રન્ટ સમિટમાં રાજયના ચીફ સેક્રેટરી ડી. જે. પાંડિયનની મહત્વની ભૂમિકા રહી છે. છેલ્લી ઘડીએ તેમણે વાયબ્રન્ટની ધૂરા સંભાળી લેતાં મોદીની ઉપસ્થિતિવાળી આ સમિટમાં ૧૦૦થી વધુ દેશો અને ૨૫૦૦૦ જેટલા ડેલિગેટ્સ શક્ય બન્યા છે. સરકારે ૨૫ લાખ કરોડના મૂડીરોકાણનો અંદાજ બાંધ્યો છે ત્યારે નવા અંદાજમાં ચીફ સેક્રેટરીનું મહત્વ વધી જાય છે, કારણ કે વાયબ્રન્ટમાં જેમની સાથે સરકારે કરાર કર્યા છે તેમના પ્રોજેક્ટને ઝડપથી મંજૂરી આપવા માટે ચીફ સેક્રેટરીનો મહત્વનો રોલ છે. પાંડિયનની આ સફળતા તેમને છ મહિનાનું એક્સટેન્શન પૂરૂ પાડે તેમ મનાય છે...

**મહેશ્વર શાહુને કોઇએ યાદ ના કર્યા ...**

વાયબ્રન્ટ સમિટના -ણેતા મોદીને યાદ કરીએ તો તેમની સાથે ડી. રાજગોપાલન તેમજ મહેશ્વર શાહુને પણ યાદ કરવા પડે તેમ છે, કારણ કે આ બન્ને ઓફિસરોએ ભૂતકાળની વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં મહત્વની ભૂમિકા અદા કરી છે. જો કે સાતમી વાયબ્રન્ટ સમિટમાં આ બન્ને ઓફિસરો ભૂલાઈ ગયા હતા. રાજગોપાલન તો આરટીઆઈમાં કેદ છે પરંતુ મહેશ્વર શાહુનો ઉપયોગ કરી શકાયો હોત, પરંતુ તેમને દૂર રાખવાનું કોઈ કારણ સામે આવ્યું નથી. ૨૦૧૧ અને ૨૦૧૩ની વાયબ્રન્ટ સમિટમાં મહેશ્વર શાહુએ દિવસ-રાતના ઉજાગરા કર્યા હતા. બદલાયેલા વાતાવરણમાં ઉદ્યોગ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી અતનુ ચક્રવર્તી પરદા પાછળ ધકેલાઈ ગયા હતા...

**ડાયમન્ડ સિટી સુરતની નારાજગી ...**

દેશના સુપ્રિમ ડાયમન્ડ સિટી એવા સુરતના ઉદ્યોગપતિઓ સરકારથી ખફા હોય તેમ લાગે છે. કારણ બીજું કોઈ નથી પરંતુ આંતરરાજય હવાઈ મુસાફરી માટેની વ્યવસ્થાનો પ્રશ્ન તેમને સતાવે છે. આજે સુરતના કોઈ ઉદ્યોગપતિને અમદાવાદ કે રાજકોટ જવું હોય તો ફ્લાઈટની સુવિધા નથી. સરકારે ૨૦૦૭માં એવી જાહેરાત કરી હતી કે રાજયના શહેરો વચ્ચે ટૂંકા અંતરની ફ્લાઈટ સુવિધા શરૂ થશે. જો કે આઠ વર્ષ પછી સરકાર એક-બે ફ્લાઈટ શરૂ કરી શકી છે. આજે ગુજરાતને સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર અને મહેસાણા સુધીની હવાઈ સુવિધાઓની આવશ્યકતા છે. સુરતને તો ખાસ આ સુવિધા જોઈએ છે અને એટલા માટે સરકારથી નારાજ છે...

**ઉદ્યોગપતિઓ માટે ઓનલાઇન મંજૂરી ...**

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વાયબ્રન્ટ ઉદ્યોગોને મહત્વ આપવા માટે તેમના ચેરમેનપદે એક કમિટી બનાવી છે કે જેથી ઉદ્યોગોને રાહત મળી શકે છે. આ કમિટી દર ચાર મહિને ઉદ્યોગોના પ્રશ્નોનું નિરાકરણ કરશે. ઉદ્યોગોને જરૂરી મંજૂરીઓ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ દાખલ કરી છે જેના આધારે ઓનલાઈન મંજૂરીઓ પણ આપવાનું આયોજન છે. જો સિરીયસલી, આ સિસ્ટમ કામ કરી ગઈ તો ઉદ્યોગોને મહેસૂલ, જંગલ, ફાયનાન્સ, ગૃહ જેવા વિભાગોમાં કરપ્શનનો ચાલ્લો કરવો નહીં પડે. હા, ઈલેક્શન ફંડ માટે તેઓએ તૈયાર રહેવું પડશે...

**ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં બજેટ...**

આગામી ફેબ્રુઆરી મહિનાના ત્રીજા સપ્તાહમાં રાજયનું નવા વર્ષનું સામાન્ય અંદાજપત્ર જાહેર થવાની શક્યતા છે. કેબિનેટની હવે પછીની બેઠકમાં વિધાનસભાના બજેટ સત્રની તારીખ જાહેર થવાની સંભાવના છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૧૯ થી ૨૫ ફેબ્રુઆરીની વચ્ચે રાજયનું બજેટ રજૂ થશે. આ સત્ર એક મહિના ઉપરાંતનું હશે...